


## ૧૭મી ડિસેમ્બરે બીજા તબક્કામાં મતદાન

# અમદાવાદ શહેરમાં પણ મતદાન પૂર્વે સઘન સુરક્ષા

### અર્ધ લશ્કરીદળોની ૬૮ કંપનીઓ તેમજ ૧૦,૦૦૦થી વધારે પોલીસ જવાનો શાંતિપૂર્ણ મતદાન માટે તૈનાત થશે

અમદાવાદ, તા.૧૪

૧૭મી ડિસેમ્બરના દિવસે બીજા તબક્કામાં મતદાન યોજાનાર છે જેના માટે અમદાવાદ શહેરના મોટાભાગના વિસ્તારોમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. તમામ મતવિસ્તારમાં સુરક્ષાદળોએ મોરચા સંભાળી દીધા છે. અર્ધલશ્કરીદળોની ૬૮ કંપનીઓ અને ૧૦ હજાર પોલીસ જવાનો ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કા પહેલાં અમદાવાદમાં તૈનાત કરી દેવામાં આવી છે. અમદાવાદ શહેરમાં સોમવારના દિવસે મતદાન યોજાનાર છે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પણ આ જ દિવસે મતદાન યોજાનાર છે. શહેરના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે નિયમિત જવાનો ઉપર કોઈ અસર થશે નહીં. પોલીસ સ્ટેશન વિસ્તારે અધિકારીઓની કબૂલાત છે કે તેઓ સંપૂર્ણરીતે ફરજ બજાવી રહ્યા છે. ચૂંટણી પ્રચારમાં હાલ હસ્તીઓ વ્યસ્ત બનેલી છે. કેટલાક નાગરિકોની ફરિયાદ છે કે જ્યારે તેઓ સમસ્યાઓ સાથે પોલીસ સમક્ષ જાય છે ત્યારે તેમણે ૧૭મી ડિસેમ્બર બાદ આવવા કહેવામાં આવે છે. ૧૭મી ડિસેમ્બરે ચૂંટણી યોજાનાર છે. ૧૭મી ડિસેમ્બર સુધી સમય નહીં હોવાની વાત પણ ઘણા પોલીસ કર રહ્યા હોવાની વાત પણ કરી રહ્યા છે. પોલીસને પરિણામ જાહેર થઈ ગયા બાદ જ રાહત મળશે. આઈપીએસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે શહેર પોલીસ પૂરતી રીતે સક્ષમ છે. વધારાના ફોર્સની કોઈ જરૂર નથી પરંતુ ૬૮ સીઆરપીએફ કંપનીઓની જરૂર પડી રહી છે. આની મદદ લેવામાં આવી છે. આ ઉપરાંત બીએસએફ, આઈટીડીટીની મદદ પણ લેવામાં આવી છે. કેન્દ્રીય સુરક્ષાદળોને રહેવાની



અને અન્ય તમામ વ્યવસ્થા કરી દેવામાં આવી છે. શનિવાર સુધી આ તમામ લોકોની ગોઠવણ થઈ જશે. અમદાવાદ શહેરમાં પણ હવે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવા માટે અર્ધલશ્કરી દળો મોરચા સંભાળી ચૂક્યા છે.

## પ્રથમ તબક્કામાં કોંગ્રેસની તરફેણમાં મતદાન

# પ્રથમ તબક્કામાં ૫૨ બેઠકો મળશે : વાઘેલાએ દાવો કર્યો

### તમામ જગ્યાએ કોંગ્રેસને સારો પ્રતિસાદ મળ્યો હોવાની વાતથી ચર્ચાનો દોર : ૨૦મી ડિસેમ્બરે સસ્પેન્સનો અંત

અમદાવાદ, તા.૧૪

કોંગ્રેસના વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલાએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તેમની પાર્ટી ઓછામાં ઓછી ૫૨ વિધાનસભા બેઠકો પ્રથમ તબક્કામાં જ જીતી જશે. પ્રથમ તબક્કામાં ગઈકાલે ૮૭ બેઠકો માટે મતદાન યોજાયું હતું. વાઘેલાએ એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે જે વિસ્તારમાં મતદાન થયું છે તે તમામ મત વિસ્તારોમાંથી કાર્યકરો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. મધ્ય ગુજરાતમાંથી પણ કોંગ્રેસને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. પ્રથમ તબક્કામાં ખૂબ ઊંચું મતદાન થયું છે. અમને વિશ્વાસ છે કે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં પણ અમને ઘણી બધી બેઠકો મળશે. પ્રથમ તબક્કામાં ઓછામાં ઓછી ૫૨ બેઠકો મળવાનો દાવો શંકરસિંહ વાઘેલાએ કર્યો છે. કોંગ્રેસ ચૂંટણી પ્રચાર સમીતિના વડા વાઘેલાનું કહેવું છે કે ગુરુવારના દિવસે તેઓએ બીજા તબક્કા માટે વડોદરામાં પ્રચાર કર્યો હતો. વાઘેલાને ઊંચા મતદાનથી નવી આશા જાગી છે.

તેઓએ મોદી ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે મોદીએ હવે ઈરફાન પઠાણની મદદ લીધી છે જે દર્શાવે છે કે મોદી બેવડું વલણ ધરાવે છે અને હાલમાં ભયભીત પણ થયેલા છે. ધ્રુવીકરણના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે પરંતુ લોકો હવે તેમની યુક્તિઓ જાણી ચૂક્યા છે. બીજી બાજુ ઊંચા મતદાનના સંબંધમાં જુદા જુદા મત રાજકીય પક્ષો દ્વારા આપવામાં આવી ચૂક્યા છે. સૌરાષ્ટ્ર અને અન્ય મતવિસ્તારોમાં મોટી સંખ્યામાં લોકો મતદાન કરવા બહાર નીકળ્યા છે જે પરિસ્થિતિમાં બદલાવ લાવી શકે છે. ભાજપના એક નેતાએ નામ જાહેર નહીં કરવાની શરતે જણાવ્યું છે કે જો શાસન વિરોધી પરિબળનું મોજું છે તો અમારી પાર્ટીની ચોક્કસપણે હાર થશે પરંતુ આવું દેખાઈ રહ્યું નથી. લેઉવા પટેલ મતદારો મોટી સંખ્યામાં ગઈકાલે બહાર નીકળ્યા હતા.

# ગાંધીનગર જિલ્લાના મતદારોને ન્યાયી અને નિર્ભિક મતદાન કરવા અપીલ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણીનું મતદાન તા. ૧૭/ ૧૨/૨૦૧૨ ના રોજ યોજાનાર છે.ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી દ્વારા મતદારો નિર્ભય રીતે મતદાન કરી શકે તે માટે સુચારું આયોજન કરવામાં આવ્યું છે .મતદાનના દિવસે મત આપવા માટે દર એક પુરૂષ મતદારના મતદાન કર્યા પછી બે સ્ત્રી મતદારોને મતદાન કરવા -વેશ આપવામાં આવશે. વિધાનસભાની સામાન્ય ચૂંટણીના કામે જિલ્લા કક્ષાએ ફરિયાદો માટે ઉભા કરવામાં આવેલ કન્ટ્રોલ રૂમના ફોન નંબર - ૧૮૦૦-૨૩૩-૧૦૩૧ પર ફરિયાદ નોધાવવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જણાવ્યું છે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણી- ૨૦૧૨ના મતદાનના દિવસે મતદાન મથકના ૧૦૦ મીટર વિસ્તારમાં કોઇ પણ અનઅધિકૃત વ્યક્તિને -વેશ આપવામાં આવશે નહિં. તેમજ રાજકીય પક્ષોના -તિકો કે ઉમેદવારોના -તિકો પણ સાથે ન રાખવા અને -ચાર પણ કરી શકશે નહિં. આ દિવસે જે મત વિસ્તારમાં જે તે વ્યક્તિ મતદાતા કે ઉમેદવાર નથી તે વિસ્તારમાં ચૂંટણી કાર્યના હેતુસર પણ -વેશી શકશે નહીં. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી ભયમુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તે હેતસુર ત્વરિત રિસ્પોન્સ ટીમ, વાયરલેસ સેટથી સજ્જ ૧૨૬ મોબાઈલ વાનની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે રાજય પોલીસ કર્મીઓ ઉપરાંત સેન્ટ્રલ પેરામીલીટરી ફોર્સના જવાનો પણ બંન્દોબસ્તમાં મુકવામાં આવ્યા છે.મતદાનના દિને વિધાનસભા મતદાર વિભાગના મતદાર સિવાયના અન્ય વ્યક્તિઓની ચકાસણી માટે તંત્ર દ્વારા લોજો, હોટેલ્સ, વાડીઓની પણ તપાસ કરવામાં આવશે.

ચૂંટણી પંચના અનુસાર ગાંધીનગર જિલ્લામાં મતદારોને ફોટાવાળી મતદાર સ્લીપ બીએલઓ મારફત વિતરણ કરવામાં આવી રહી છે .આ ફોટોવાળી મતદાન સ્લીપના આધારે મતદાર પોતાનું મતદાન કરી શકશે. તે ઉપરાંત ચૂંટણી પંચના આદેશ અન્વયે જુદા જુદા ૧૫ પુરાવાઓ રજૂ કરીને પણ મતદાન કરી શકશે. જેની યાદી દરેક મતદાન મથકોએ -સિધ્ધ કરવામાં આવશે. મતદાન મથકમાં મતદારે -વેશ કર્યા બાદ કોઈ પણ ઉમેદવારને મત ન આપવાનો નિર્ણય મતદાર દ્વારા કરવામાં આવે તો મતદારે નિયમ ૪૯ (ઓ) હેઠળ તજવીજ કરવાની રહેશે.

તે ઉપરાંત મતદાનની -ક્રિયાનું સતત નિરીક્ષણ તથા મોનીટરીંગ કરવા માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા જિલ્લામાં પાંચ જનરલ ઓબ્ઝર્વર, બે ખર્ચના ઓબ્ઝર્વર અને જિ.કક્ષાએ એક પોલીસ ઓબ્ઝર્વરની નિમંણુક કરવામાં આવી છે.

## ભાજપ માટે પહેલા દોરની સંભવિત ખોટ પૂરવાનું ઘણું અઘરૂં : ઉત્તર ગુજરાત અકળ

# કેપ્ટન કોઇ પણ બને બેટ તો આખરે બાપાના જ હાથમાં !

**પહેલાં તબક્કાના ભારે મતદાન પછી બાકીની બેઠકો પર પણ ત્રણે હરીફ પક્ષો બરાબર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે; મુખ્યમંત્રી માટે આ અસ્તિત્વનો સવાલ છે તો પૂર્વ મૂખ્યમંત્રીઓ કેશુભાઇ પટેલ અને શંકરસિંહ વાઘેલા ઉપરાંત સુરેશ મહેતા માટે આ પ્રતિષ્ઠાની ચૂંટણી છે, મુખ્યમંત્રી માટે આ અસ્તિત્વનો સવાલ છે તો પૂર્વ મૂખ્યમંત્રીઓ કેશુભાઇ પટેલ અને શંકરસિંહ વાઘેલા ઉપરાંત સુરેશ મહેતા માટે આ પ્રતિષ્ઠાની ચૂંટણી છે**

પહેલાં તબક્કાના ભારે મતદાન પછી બાકીની બેઠકો પર પણ ત્રણે હરીફ પક્ષો બરાબર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. મુખ્યમંત્રી માટે આ અસ્તિત્વનો સવાલ છે તો પૂર્વ મૂખ્યમંત્રીઓ કેશુભાઇ પટેલ અને શંકરસિંહ વાઘેલા ઉપરાંત સુરેશ મહેતા માટે આ પ્રતિષ્ઠાની ચૂંટણી છે. જે બેઠકો પર ચૂંટણી સંપન્ન થઇ ચૂકી છે એમાં બધાંને પોતાની તરફેણમાં જ વધુ મતદાન થયું છે એમ માની લેવાનું જ ગમે. સત્ય તો પેટીઓમાં પુરાઇ ગયું છે અને તે વીસમીની સવાર સુધી મૂંગું જ રહેવાનું છે. ગુજરાતના ‘કેપ્ટન’ બનવાની હરિફાઇ ભલે નરેન્દ્ર મોદી અને શંકરસિંહ વાઘેલા કે શક્તિસિંહ ગોહિલ વચ્ચે હોય, ‘બૅટ’ કેશુભાઇ પટેલના હાથમાં છે ! બૅટ વગરના કેપ્ટનની કોઇ હેસિયત ખરી? સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં થયેલું વિક્રમજનક મતદાન બિટવિન ધ લાઇન્સ આ ‘બૅટ’ ની જ કમાલ હોવાની શક્યતા ભણી નિર્દેશ કરતું હોય એમ નથી લાગતું ?

આગામી અડતાળીસ કલાક ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના રાજકારણીઓ માટે ભારે લોહી ઉકાળાના હશે, ‘સૂરજ આથમે ત્યાં સુધી દોડીને જેટલી જમીન ફરતે ચક્કર મારી શકે એટલી જમીન તારી’ એવું પ્રલોભન આપી પેલા ટૉલ્સટૉયની બહુ વિખ્યાત વાર્તાના પહોમ નામના ખેડૂતને આખરે કુદરતે શું આપ્યું હતું? મોત છ ફૂટ લાંબી અને અઢી દૂર પહોળી કબર. આપણા રાજકારણીઓ પણ વખત પૂરતા રાજપાટ ભોગવીને છેવટે તો એ જ અંજામને પામશે, એમાં કોઇ શક ?

મહેસાણા જિલ્લામાંથી અલગ કંડારાયેલા પાટણ જિલ્લાના પાટનગરનો જૂગજૂનો ઈતિહાસ જાણીતો છે તો એનો વર્તમાન પણ અજાણ્યો નથી. છેલ્લી ઘણી ટર્મથી આ બેઠક પર ભાજપનો દબદબો રહ્યો છે. અગાઉ કોંગ્રેસી શાસન વખતે આ બેઠકમાંથી ચૂંટાતા ‘કાન્તિ નાના’ હવે ઘરડા થઈ ગયા છે અને બેઠકનું સીમાંકન ફરતાં આ બેઠક પાટીદાર ઉમેદવાર માટે સલામત પણ નથી રહી. કોંગ્રેસના રઘુ દેસાઇ (રબારી) એ આ બેઠકને નજરમાં રાખી ખાસ્સું હોમવર્ક કર્યું હતું પરંતુ નજીકની વાગડોદ બેઠક પર કોંગ્રેસની ટિકીટ પર જીતેલા જોધાજી ઠાકોરને આ બેઠક ફાળવાતાં એ નારાજ થયા છે. કોંગ્રેસ રબારી સમાજને અન્યત્ર બેઠક ફાળવીને સાચવી લીધો છે. પાટણ બેઠક પરથી ભૂતકાળમાં ચૂંટાયેલા ભાજપના અગ્રણી અરવિંદ પટેલનું રાજકારણ પૂરૂં થઈ ગયું છે તો વળી આનંદીબહેન પટેલ જેવાં મોદીનાં માનીતાં મહેસૂલ મંત્રીનાં અંજળ પણ આ બેઠક પૂરતાં પૂરાં થઈ ગયા છે. એમણે પાટણને રામ રામ કરીને અમદાવાદની સલામત ઘાટલોડિયા બેઠક સંભાળી લીધી છે. પાટણ જિલ્લો ભાજપની ઝોળીમાંથી આખેઆખો સરકી જાય એવાં એંધાણ વરતાઇ રહ્યાં છે. સિધ્ધપુરની બેઠક પર જયનારાયણ વ્યાસ માટે કપરાં ચઢાણ છે. કોંગ્રેસના ઉદ્યોગપતિ ઉમેદવાર બળવંતસિંહ રાજપૂત પૂરેપેરા ‘ફોર્મ’માં છે. જયનારાયણ વ્યાસ મોદી મંત્રી મંડળના સૌથી સુશિક્ષિત મંત્રી ગણાય છે, વળી એ સરકારના પ્રવક્તા તરીકેની કામગીરી પણ બજાવતા રહે છે. આ વખતે એમની જીત અત્યંત અનિશ્ચિત બની ગઈ છે. પ્રજાને તો પ્રજાની વચ્ચે રહેનારો પ્રતિનિધિ ખપે. જયનારાયણ વ્યાસ અકબરનાં નવરત્નોની યાદી તાજી કરાવનારૂં દરબારી વ્યક્તિત્વ બની ગયા. એમના હરીફ જાત મહેનતથી સામાન્ય ખેડૂત કુટુંબમાં જન્મી છેક ટોચનાં ઉદ્યોગપતિ બન્યાં છતાં પ્રજાહિતનાં કામો વખતે અડધા બોલે દોડતા રહ્યાં હોઇ વધુ લોકપ્રિય છે. એક સખી દાતા તરીકે પણ એ આ પંથકના ‘ભામાશા’નું બિરૂદ પામ્યા છે. રાધનપુર બેઠક પરથી મોદીના અત્યંત વિશ્વાસુ સાથી શંકર ચૌધરીને વાવ બેઠક પર ગચ્છન્તિ કરવું પડ્યું કારણ કે નવા સીમાંકનમાં સમી પંથક રાધનપુર સાથે જોડાતાં ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાયેલાં ‘બાહુબલી’ છતાં ઠાકોર સમાજમાં ભારે લોકપ્રિય એવા ભાવસિંહ રાઠોડ સામે એમને નિશ્ચિત હાર વરતાતી હતી. ભાવસિંહ રાઠોડ સામે મજબૂત ઠાકોર ઉમેદવાર - દિલીપસિંહને મેદાનમાં ઉતારી ભાજપે ઠાકોર મતોમાં ભાગ પડાવવો વ્યૂહ અપનાવ્યો છે. રાધનપુરના ચૌધરી મતદારો શંકરભાઇનું માન જાળવશે કે બૅટધારી બાપાના ઉમેદવાર મેમાભાઇ ચૌધરી તરફ ઢળશે? ચૂંટણીનું પરિણામ ચૌધરી મતો કઇ બાજુ ઢળે છે, તે પર આધારિત રહેશે. મેમાભાઇ ખૂબ જૂના, ‘કસાયેલા’ અને ઘસાયેલાં કાર્યકર છે. કયારેક એ ‘બાપુ’ના લાડકા હતા, હાલ પૂરતા ‘બાપા’ના ખોળે બેઠા છે. માણસ ‘સારાં’ છે, ત્રણેય ઉમેદવારોમાં પહેલાં નંબરનાં !

**મહેસાણા જિલ્લામાંથી અલગ કંડારાયેલા પાટણ જિલ્લાના પાટનગરનો જૂગજૂનો ઈતિહાસ જાણીતો છે તો એનો વર્તમાન પણ અજાણ્યો નથી. છેલ્લી ઘણી ટર્મથી આ બેઠક પર ભાજપનો દબદબો રહ્યો છે, અગાઉ કોંગ્રેસી શાસન વખતે આ બેઠકમાંથી ચૂંટાતા ‘કાન્તિ નાના’ હવે ઘરડા થઈ ગયા છે અને બેઠકનું સીમાંકન ફરતાં આ બેઠક પાટીદાર ઉમેદવાર માટે સલામત પણ નથી રહી**

બનાસકાંઠા પર ભાજપનો ભગવો લહેરાવવાની મનોકામના પૂરી કરવા મોદીએ માંદા માંદા લીલાધર વાઘેલાને રિપીટ કરવા પડ્યા છે. પરબત પટેલ અને શંકર ચૌધરી બેઉ પાસે પાસેની થરાદ અને વાવ બેઠકો પર ચૂંટણી લડી રહ્યા છે. પરબત પટેલ સામે મારવાડી (અને પૂર્વ ચૅરમૅન : વીસ મુદ્દા અમલીકરણ સમિતિ) માવજી પટેલ મેદાનમાં છે. પરબત ‘દેશી’ છે, માવજી ‘મારવાડી’ છે. છે તો બેઉ આંજણા ચૌધરી. પરબતભાઇ મોદી મંત્રીમંડળમાં રાજ્યકક્ષાના મંત્રી તરીકે આંજણા ચૌધરી સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. જો કે,

## ચૂંટણી ચક્રવ્યૂહ



**- યુયુત્સુ દેસાઇ**

પરબતભાઈની આવડત કાબિલેદાદ છે. દલુભાઈ દેસાઈનાં ચેલા તરીકે એમણે બેંકની નોકરી છોડીને રાજકારણમાં ઝંપલાવ્યું તે પછી નસીબ એમને સતત યારી આપતું રહ્યું છે. કોંગ્રેસની ટિકીટ પર પહેલી વાર ધારાસભામાં ચૂંટાયેલાં પરબત પટેલ શંકરસિંહ વાઘેલાના મંત્રીમંડળમાં પણ મંત્રી હતા! કોંગ્રેસ, ભાજપ અને રાજપાના રસ્તે છેલ્લે ‘મોદી બ્રાન્ડ’ ભાજપમાં પણ એમનો દબદબો કાયમ રહ્યો છે. એમનો સાલસ સ્વભાવ એમની મોટી અસ્કામત ગણાય છે. જો કે ‘મિયાં મારે પણ નહીં અને ભણાવે પણ નહીં.’ એવી છાપ પણ સમાજમાં ફેલાવા પામી છે. વળી, પરબત જીતશે તો આપણી તકો ઝૂંટવાશે એવી અદેખાઈથી ઠાકોર સમાજમાં અગ્રણીઓ ભાજપમાં રહીને જ એમનો ફેસલો પાડવાની તજવીજ કરી રહ્યાં હોવાનું પણ જાણવા મળ્યું છે. સામે પક્ષે શંકર ચૌધરીને પણ હવે સંગઠન છોડીને મંત્રીમંડળમાં આવવાના અભરખાં જાગે તે સ્વાભાવિક છે. પરબત અને શંકર બેઉ ‘ચૌધરી’ એક મકાનમાં એકી સાથે ન સમાઇ શકે એવી તેવી ધારદાર તલવારો છે.

ધાનેરાની બેઠક પર જૂના જોગી, કોંગ્રેસના વરિષ્ઠ નેતા જોઇતારામ પટેલ ચૂંટણી લડી રહ્યાં છે. એમને એમનાં જ સમાજનાં કોંગ્રેસની ટિકીટ પર ૨૦૦૭ની ચૂંટણી લડીને હારેલા નત્થાભાઇ મદદ કરશે કે હરાવસે તે કહેવું મુશ્કેલ છે.

કેશુભાઇ પટેલના વિશ્વાસુ ગણાતા ભાજપના સૌમ્ય આંજણા ચૌધરી અગ્રણી હરજીવન પટેલને છેલ્લી બે ચૂંટણીઓમાં ટિકીટ મળી નથી. જો કે તેઓ ભાજપના વફાદાર કાર્યકર તરીકે પુરોહિતનાં પક્ષે જ કામ કરતાં હશે એમ માની શકાય. આ બેઠક ચૌધરી મતદારોની મરજી મુજબ જીતી શકાય એવી હોવાથી જોઇતાભાઇ પટેલ માટે સાનુકૂળ તકો છે. ભાજપે દિયોદરના રાજવી પરિવારનો ઉમેદવાર પણ અજમાવ્યો છે. રબારી કોમના માલેતુજાર અગ્રણી અને ભાજપના વર્તમાન ધારાસભ્ય બાબુભાઇ દેસાઇએ ચૂંટણી લડવાની ના પાડી છે, પરંતુ કોંગ્રેસના જૂના જોગી ધારશીભાઇ ખાનપુરાએ ગઇ વખતે મળેલા પરાજય છતાં આ ઉંમરે પણ મેદાન છોડ્યું નથી. વાવમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ અને કોંગ્રેસ - બેઉ વચ્ચે સમજૂતી નહીં સધાતાં બેઉ પક્ષના ઉમેદવારો ચિત્રમાં છે. કોંગ્રેસનાં મહિલા અગ્રણી ગેનીબેન ઠાકોર ચૌધરીને ભારે પડે એવાં ઉમેદવાર છે. દાંતાની બેઠક અનુસૂચિત જનજાતિ માટેની અનામત બેઠકમાં ફેરવાઇ છે.

પરંપરાગત રીતે કોંગ્રેસનો ગઢ ગણાતી દાંતા અને વડગામની બેઉ બેઠકો પર ભાજપે જીતનો મદાર રાખ્યો છે. વર્તમાન સાંસદ મુકેશ ગઢવી દાંતાની બેઠક પરથી ચૂંટાઇને ધારાસભ્ય બન્યા હતા અને તે પછી બનાસકાંઠાની બેઠક પર ભાજપના ઉમેદવાર હરિભાઇ ચૌધરીને પરાજિત કરી સંસદસભ્ય બન્યા હતા. પેટાચૂંટણીમાં દાંતા વિધાનસભાની બેઠક ભાજપના વસંત ભટોળ જીતી ગયા હતા, કારણ કે કોંગ્રેસે અહીં મુમન કોમના ઉમેદવારને ટિકીટ આપતાં ભાજપનું હિંદુત્વનું કાર્ડ સજીવ થઈ ગયું હતું. પાલનપુર બેઠક પર મોદીના વડનગર વખતનાં સહપાઠી ગોવિંદ પ્રજાપતિ ૨૦૦૭માં તો મદીના અંગત માણસ તરીકે ચૂંટાઇ ગયા હતા, પંરતુ આ વખતે એમને કોંગ્રેસના કે.સી. પટેલનો સામનો કરવાનો છે. કોંગ્રેસે ગોવા રબારીને ટિકીત આપી છે. તો ભાજપે રણછોડ રબારીને હરીફ પક્ષોએ સરખી સંખ્યામાં ઠાકોર અને ચૌધરી ઉમેદવારો મૂક્યાં છે.

પાલનપુરમાં રાહુલની સભાએ ભારે ધ્રુજારી જન્માવી છે તે એ હદે કે મોદી માટે એમનાં પ્રમાતામહ મોતીલાલ નહેરૂ પલંગમાં સૂઇ રહ્યા અને ગાંધીજી ભોંય પર સૂઇ ગયા એવી વાહિયાત દલીલો સિવાય કશું બચ્યું નથી! મોદી રઘવાયા થઇને સિરક્રીકનો સંવેદનશીલ મુદો છેડી બેસે છે, ત્યારે સાંભળનારને પણ ઘડીક રમૂજ અને પછી દયાનો જ ભાવ જન્મે છે. શું મોદીના ભાથામાં તીર ખૂટી ગયાં? પહેલાં તબક્કાની ચૂંટણીમાં થનાર નુકશાન ભરપાઇ કરવા માટે એમની પાસે ફક્ત મોતીલાલ નહેરૂ અને સિરક્રીક જેવી અપ્રસ્તુત બાબતો જ બાકી રહી ગઇ છે? સોનિયા ગાંધીએ કલોકની જંગી સભા કરીને તથા સ્ત્રીઓને ઘરનાં ઘરનો વાયદો પૂરો કરી આપવાની વાત કરીને મોદીને રક્ષણાત્મક સ્થિતિમાં મુકી દીધા છે.વડગામની બેઠક પર ફકીરભાઇ વાઘેલા સામે કોંગ્રેસના મણિલાલ વાઘેલાની રસાકસી જામી છે. મુકેસ ગઢવીએ બનાસકાંઠા માટે કેન્દ્રની અનેક યોજનાઓ લાવીને એમનાં પ્રતાપી પિતા સ્વ. ભૈરવદાન ગઢવીની ખોટ પૂરી છે. ભાજપ માટે બનાસકાંઠાની નવ બેઠકો સમસ્યારૂપ બની ગઇ છે, એકંદરે એને બીજા દોરની ચૂંટણીમાં સૌરાષ્ટ્રમાં પડેલી ખોટ પૂરવામાં ઉત્તર ગુજરાત બહુ ઝાઝી મદદ કરી શકે એમ લાગતું નથી. **(ક્રમશઃ)**



